# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org

જા.નં.મા-૨/૨૦૨૬/10459 તા. 01/08/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
સુરત.જિ.સુરત

આ સાથે સામેલ પત્ર અન્વયે જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ:- ઉક્ત પરિપત્રની નકલ

જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમાં, બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત
ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮
e-mail : d.dirsurat@gmail.com

નં જિનાનિ/વિ.જા./ શિષ્યવૃતિ /૨૦૨૫-૨૬/ ૧૬૨

તારીખ: [illegible]

પ્રતિ

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત
(૨) શાસનાધિકારીશ્રી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,કાંસકીવાડ,સુરત

વિષય : PM YASASVI Pre Metric Scholarship (Std.9 to 10) શિષ્યવૃતિની દરખાસ્ત/પ્રપોઝલ મોકલવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરી હસ્તકની PM YASASVI Pre Metric Scholarship (Std.9 to 10) યોજનાનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ અંતર્ગત વિદ્યાર્થીઓની શિષ્યવૃતિની દરખાસ્ત શાળાઓ મારફત કરી જિલ્લા કક્ષાએ મોકલવાની રહે છે. Digital Gujarat Portal પર વિદ્યાર્થીઓની Entry કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ નીચે મુજબ છે. જેની ખાસ નોંધ લેવી.

- Pre Metric ધોરણ ૯-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ બેંક ખાતા સાથે Aadhar Seeding અને DBT Option ચાલુ કરાવી લેવુ જેથી ચુકવણી ઝડપથી થઇ શકે. એક થી વધુ બાળકો શાળામાં અભ્યાસ કરતાં હોય તો દરેક બાળક માટે અલગ અલગ બેંક ખાતુ માંગવાનું રહેશે.
- Pre Metric ધોરણ ૯-૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વાલીનો આવકનો દાખલો તેમજ વિદ્યાર્થીનો બોનાફાઇડ અથવા જાતિનો દાખલો અપલોડ કરવા ફરજીયાત હોવાથી શાળાના આચાર્યશ્રીઓએ વિદ્યાર્થીના આધારકાર્ડ,પિતાનો આવકનો દાખલો, મેળવી લેવાના રહેશે.
- જો વિદ્યાર્થીઓ પાસે જાતિનો દાખલો ન હોય તો વિદ્યાર્થી પાસેથી ફરજિયાત જાતિનાં દાખલાની માંગ ન કરતા શાળાનું બોનાફાઇડ સર્ટીફિકેટ અપલોડ કરવાનું રહેશે.માત્ર જાતિ દાખલો ન હોવાના કારણે શિષ્યવૃતિની દરખાસ્ત અટકાવવાની નથી.
- વધુમાં આપના તાબા હેઠળની શાળામાં અભ્યાસ કરતા બાળકો પૈકી પાત્રતા ધરાવતા એકપણ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત ન રહે અને સમયમર્યાદામાં લાભ મળી રહે તેવા ઘનિષ્ઠ પ્રયત્નો કરવા અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રાખી આપની કક્ષાએથી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવા વિનંતી.

ઉપરોક્ત સુચનાઓને ધ્યાને લઈને વધુમાં વધુ વિદ્યાર્થીઓની પ્રપોઝલ જિલ્લા કક્ષાએ ઓનલાઇન મળી રહે અને અત્રેની કચેરી દ્વારા વિદ્યાર્થીઓનું DBT મારફત ઓનલાઇન ચુકવણું કરી શકાય તે હેતુથી આચાર્ય કક્ષાએથી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની પ્રપોઝલ અત્રે તાત્કાલિક મોકલી આપવા જણાવવામાં આવે છે. જેને ધ્યાને લેવા વિનંતી.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ કચેરી,સુરત

નકલ સવિનય રવાના:-

૧)માન. નિયામકશ્રી,વિકસતી જાતી કલ્યાણ,ગુ.રા ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨)માન.કલેકટરશ્રી,જિલ્લા સેવા સદન-૨,સુરત તરફ જાણ સારૂ.

૩)જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઇન્સ,તરફ જાણ સારૂ તેમજ વેબસાઇટ પર મુકવા સારૂ